# BUSINESS મિત્ર Plus

# મીડ ટર્મ ચૂંટણી, AI બબલ રિસ્ક, મોંઘવારી : ચોમેર તનાવ વચ્ચે રિસ્ક એસેટમાં સેલઓફ

**બિરેન વકીલ**

અમેરિકી મીડ ટર્મ ચૂંટણીઓ જેમ જેમ નજીક આવતી જાય છે એમ એમ ડોનાલ્ડ ટ્રમ્પ માટે મોંઘવારી, બોન્ડ યિલ્ડ, એઆઇ બબલ રિસ્ક, ઇરાન-યુક્રેન વોર, ડિઝલ ક્રાઇસીસ, ક્રુડ ઓઇલમાં બેલગામ તેજી, ટેરિફ વેપારીનીતિ મામલે એક સાંધો ત્યા તેર તૂટે એવી સ્થિતીનું નિર્માણ થયું છે. ઇઝરાયેલમાં ૨૭ ઓક્ટોબરે ચૂંટણી છે. અમેરિકામાં ૩ નવેમ્બરે મધ્યસત્ર ચૂંટણી છે. એઆઇ હાઇપર સ્કેલર ડેબ્ટમાં રેટ રેસની સ્થિતી છે. ફિસ્કલ પોલીસી મામલે ૪૦ ટ્રિલિયન ડોલર ડેબ્ટનો ટાઇમબોંબ ટીકટીક કરે છે. ડિઝલ કટોકટી માટે અમેરિકાએ રશિયા પરથી પ્રતિબંધ હટાવી ડિઝલ માગવુ પડે, વિદેશમંત્રી માર્કો રુબીયોને વેનેજુએલાના હેવી ક્રુડ પ્રોસેસીંગ માટે છેક જામનગર સુધી આવવુ પડે, અમેરિકી મીડ ટર્મમાં હાઉસ ઓફ રેપ્રિઝેન્ટેટીવ યાની નીચલા ગ્રુહમાં શાસક પક્ષ લઘુમતીમાં આવી જાય એવી પ્રબળ શક્યતા છે. ઉપલુ ગ્રુહ યાને સેનેટમાં પણ જો ૪-૫ બેઠક હારે તો ઉપલા ગ્રુહમાં પણ શાસક પક્ષ લઘુમતીમાં આવી જાય. સિટાડેલ સિક્યોરીટી-હેજ ફંડ જાયન્ટના સ્થાપક કેન ગ્રીફિથ કહે છે કે એઆઇ ટ્રેડ બબલ વીધીન બબલ છે. અમુક મજબૂત કંપનીઓ જેમની પાસે ગંજાવર જીપીયુ પ્રોસેસીંગ સ્પિડ છે એમની માટે હાલમાં મોટી તકો ખૂલી ચે. કેટલાક ઉદ્ધોગો માટે નવા સેટ અપ શરુ કરવા બહુ કિફાયતી છે. અમુક આઉટડેટેડ ઉધોગો માટે, યુવા વર્ગ માટે એઆઇ તક અને પડકાર -ખતરો પણ છે. લાખો ડોલર રોકાણ કરીને -ચાર છ વરસ તનવોડ મહેનત કરીને માસ્ટર્સ કરનાર યુવાનોમાં ઘણા ખરા કામ એઆઇ કરી શકે એવા પડકારો પણ છે. બીજી બાજુ ઘણા અસાધ્ય રોગોની દવા માટે એઆઇ વરસોની મહેનતને દિવસોમાં ટુંકાવી શકે છે. સુપર સકસેસફુલ ફંડ મેનેજર ગ્રિફીથના કહેવા મુજબ ડોટકોમ બબલ વચ્ચે હજારો કંપનીઓ આવી, ડુબી ગઇ, કેટલીક કંપનીઓ ટ્રિલિયન ડોલર કંપનીઓ બની ગઇ. ઇન્ટરનેટ આજે ઘરઘર પહોચી ગયું છે. આપણે એક વિરાટ ટ્રાન્સફોર્મેશન ઘટના પનપતી જોઇએ છીએ. મીડ ટર્મ અંગે કેનેન ગ્રિફીથની ટકોર સૂચક છે. અમેરિકાની ઇલેકશન સાયકલમાં મીડ ટરેમ ચેક એન્ડ બેલેન્સનું કામ કરે છે. ટેરિફનીતિ એક ડિઝાસ્ટર નીવડી છે. બોન્ડ યિલ્ડ, મોંઘવારી, સેફ સ્ટ્રિટ, કવોલીટી એજયુકેશન- આ પાયાના મુદ્દા ફિકસ કરવા પડે. બજારો અત્યારે ઘણા નવર્સ થઇ ચૂક્યા છે. કેમ કે હોરમુઝ કે યુક્રેન મામલે પરિસ્થિતી સુધરી નથી. ઉલટાનું હુથી-સાઉદી વચ્ચે લશ્કરી તનાવથી ક્રુડ ૧૧૦ ડોલર, યુરોપ ડિઝલ ૧૪૦૦ ડોલર- ૧૯૫ ડોલર પર બેરલ થઇ ગયું છે. શેરબજારોમા એઆઇ સેન્ટ્રીક મેમરી મેનિયા પર પનપતા કોરિયા, નિકાઇ, તાઇવાન વગેરે બજારોમાં સ્લોમોશન કરેકશન છે. એઆઇની તેજી ડોટકોમ જેવી નથી પણ ૧૮૪૦-૧૮૪૩ના યુકે રેલરોડ અને અમેરિકામાં ૧૮૬૦ના રેલરોડ બબલ જેવી પુરવાર થઇ શકે છે.




બોન્ડ બજારોમાં પેનિક છે. અમેરિકા ફ્રાન્સ અને યુકેમાં ૧૦ વરસના બોન્ડ યિલ્ડ ૫ ટકા ઉપર ચાલે છે. ભારતમાં બોન્ડ યિલ્ડ ૭.૪૬ છે જે ચારેક વરસના હાઇ પર છે. ૨૮ ઓક્ટોબરે ફેડની બેઠક, વિશ્વભરમાં મોંઘવારી માઝા મુકવાની ભીતિ, ફ્રાન્સમાં તોફાનો, ઠેરઠેર રાજકીય લશ્કરી તનાવ વચ્ચે રોકાણકારો હાલમાં તમામ રિસ્કી એસેટમાંથી હળવા થઇ રહ્યા છે. રોકડા કામ આવશે એવી માનસિકતા છે. અમેરિકી મીડ ટર્મમાં શાસક પક્ષને નુકસાન થાય તો ટેરિફ, ફિસ્કલ, વિદેશનીતિ, અમેરિકાના સહયોગીઓ સાથે સંબંધો સહીત ઘણી બાબતોના સમિકરણો પલટાશે, કોઇ નવા ધ્રુવિકરણો પણ રચાય. સોનાચાંદીમાં હાલ નબળા લેણ ફુંકાઇ રહ્યા છે. લોકલ ચાંદી ૪ લાખ હતી તે ૨ લાખ સપાસ આવી ગઇ છે. ટેરિફવોરનું સૂરસૂરિયા થઇ જવાની ભીતિ વચ્ચે કોપર-નિકલ- ટીન જેવી મેટલ્સમાં ધાણીફુટ વેચવાલી દેખાઇ છે. ચીનમાં પણ સ્લોડાઉન, એઆઇ ટ્રેડમાં સ્લોડાઉન જેવા કારણો વચ્ચે શેરબજારો નરમ થઇ ગયા છે.

**ઇઝરાયેલમાં 27 ઓકટોબરે અને અમેરિકામાં ત્રીજી નવેમ્બરે મધ્યસત્ર ચૂંટણી, બોન્ડ બજારોમાં પેનિક, ઠેરઠેર રાજકીય લશ્કરી તનાવથી બજારની હાલત ખરાબ**

ભારતની વાત કરીએ તો રિઝર્વ બેન્કે રૂપિયાની મંદી રોકવા આકરા પગલા લેતા રુપિયાની મંદી અટકી ઝડપી સુધારો આવ્યો છે. વિદેશી રોકાણકારો હજૂ પણ નિફટીને મોંઘુ બજાર માને છે. જો કે હવે લોકલ આઇટી સેકટરમાં બારગેન હંટિંગ દેખાય છે. અલ નીનો અને વરસાદમાં કાધ રહેતા અનાજ-કઠોળ-તેલ જેવી આવશ્યક ચીજોમાં વન વે તેજીથી મોંઘવારી વધવાની અટકળે ડિસેમ્બરમાં કદાચ આરબીઆઇ અરધા ટકા જેવો વ્યાજદર વધારો કરી શકે. નવેમ્બરની ચૂંટણીને કારણે ૨૮ ઓકટોબરની ફેડની બેઠકમાં તો રેટ હાઇક કદાચ નહી આવે પણ ડિસેમ્બરમાં ફેડ, યુરોપ, યુકે, ભારત સહીત મોટા ભાગની બેન્કો રેટ હાઇક કરે એવી શકયતા છે.

લોકલ એગ્રીવાયદા બજારોમાં હળદર-ગવાર-એરંડા-ધાણા જીરુ જેવી સટ્ટાકીય જાતોમાં ફાટફાટ તેજી થઇ છે. હળદરમાં કોમોડિટી વેરહાઉસીંગ રિસિપ્ટનો વેપાર ફુલ્યો ફાલ્યો છે.

જેને રાયપુર લોકલ ભાષામાં પરચાનો વેપાર કહે છે. રોજિંદી ૫-૧૦ ટકા વધઘટ આવે છે. ગવારગમ એક વરસમાં ૮૨૦૦ના ૧૬૪૦૦ થઇ ગયા છે. એરંડા પણ ૬૫૦૦થી ૯૦૦૦ થઇ ગયા છે. ૨૦૦૬-૭ અને ૨૦૧૦-૨૦૧૬ના અરસમામાં ગવારગમ-મરચા-મરી-એરંડા-ચણા વાયદા સટ્ટાના અતિરેક પછી વાયદા પર બાન આવી ગયો હતો, વાયદા ખૂલ જા સમીસીમી, બંધ હોજા સિમસિમની તેમ ચાલુ બંધ થતા રહે. સટ્ટાની પેટર્નના અનુભવીઓ આવા સમયે દૂર રહેવાનું પસંદ કરે છે.

# ચાંદીના ભાવ છેલ્લા સાત મહિનામાં 50 ટકા સુધી ઘટવાના કારણ શું?

23 ઓક્ટોબરે, MCX પર ચાંદીના હાજર ભાવ 3%થી વધુ ઘટીને રૂ. 1,94,383 પ્રતિ કિલોની આસપાસ ટ્રેડ થઈ રહ્યા હતા, જે પહેલાં રૂ. 2,00,853 પર હતા. શુક્રવારના ટ્રેડિંગના કલાકો દરમિયાન મોટાભાગના સિલ્વર ETFમાં પણ 3%થી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવ ઝડપથી નીચે આવી રહ્યા છે. ભારતમાં, 29 જાન્યુઆરીના રોજ 3,84,632 પ્રતિ કિલોની ઓલ-ટાઇમ હાઇ સપાટીથી ભાવ લગભગ 50% ઘટી ગયા છે.

શુક્રવાર, 23 ઓક્ટોબરના રોજ, MCX પર ડિસેમ્બર 2026નો સિલ્વર ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ પ્રતિ કિલો 2 લાખની નીચે સરકી ગયો હતો. તે 1.72% ઘટીને 1,96,170 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જે તેના અગાઉના બંધ ભાવથી 3,429 નો ઘટાડો દર્શાવે છે. નવી નીચલી સપાટી અને ઘટતી માંગ ભાવ પર દબાણ જાળવી રહી છે. MCX પર, ચાંદીનો હાજર ભાવ 2,00,853 પ્રતિ કિલો પર બંધ થયો હતો અને 23 ઓક્ટોબરે 3%થી વધુ સરકીને 1,94,383 ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. દરમિયાન, શુક્રવારે ટ્રેડિંગના કલાકો દરમિયાન મોટાભાગના સિલ્વર ETF પણ 3%થી વધુ તૂટ્યા છે. વૈશ્વિક પરિસ્થિતિ પણ કાંઈ અલગ નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં, સ્પોટ સિલ્વરનો ભાવ લગભગ 54 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યો હતો. એક દિવસ પહેલાં, COMEX સિલ્વર ફ્યુચર્સ 4.60% ઘટીને 54.7 ડોલર પર બંધ થયો હતો, જે નવેમ્બર 2025 પછીનું તેનું સૌથી નીચું બંધ સ્તર છે. આ કિંમતી ધાતુ હવે વર્ષ-દર-વર્ષ આધાર પર 21%થી વધુ નીચે છે. તે તેના જાન્યુઆરીના 121 ડોલરના રેકોર્ડ સ્તરથી પણ લગભગ 55% નીચે છે.



### ચાંદી તેની ઉચ્ચતમ સપાટીથી કેટલી ઘટી છે?

| બજાર | સર્વોચ્ચ કિંમત | તાજેતરની કિંમત | સર્વોચ્ચ સપાટીથી ઘટાડો |
|---|---|---|---|
| ભારતીય ચાંદી બજાર | રૂ. 3,84,632 કિલો | 1,94,383 કિલો | લગભગ 50% |
| આંતરરાષ્ટ્રીય ચાંદી બજાર | 121 ડોલર / ઔંસ | 54 ડોલર / ઔંસ | લગભગ 55% |

### ચાંદીના ભાવને નીચે કોણ ખેંચી રહ્યું છે?

ચાંદીના ભાવોમાં ઘટાડા માટેનું એક મોટું કારણ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના સ્ટોક્સમાં વધી રહેલી વેચવાલી છે. ટ્રેડર્સ અન્ય સંપત્તિઓમાં થયેલા નુકસાનને સરભર કરવા માટે કિંમતી ધાતુઓ વેચી રહ્યા છે. Meta Platforms દ્વારા કેપિટલ એક્સપેન્ડિચર વધારવાની યોજનાઓ જાહેર કર્યા બાદ આ અઠવાડિયે ઇક્વિટી બજારમાં કડાકો વધુ ઘેરો બન્યો હતો. આનાથી ચિંતા ફરી જાગી છે કે AIના વિકાસ માટે ટેક કંપનીઓ વધુ દેવું લઈ શકે છે. ક્રૂડ ઓઇલ પણ આ દબાણમાં વધારો કરી રહ્યું છે. શુક્રવારે બ્રેન્ટ ક્રૂડ બેરલ દીઠ 114 ડોલરથી ઉપર પહોંચી ગયું હતું, જે પાંચ મહિના કરતાં વધુ સમયનું તેનું સર્વોચ્ચ સ્તર છે. સાઉદી લક્ષ્યો પર હુથી વિદ્રોહીઓના વધતા હુમલા અને ઈરાન સામે યુએસના નવા હુમલા અહેવાલોએ મધ્ય પૂર્વમાં સપ્લાયનું જોખમ વધારી દીધું છે.

**ચાંદીના ભાવોમાં ઘટાડા માટેનું એક મોટું કારણ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના સ્ટોક્સમાં વધી રહેલી વેચવાલી છે. ટ્રેડર્સ અન્ય સંપત્તિઓમાં થયેલા નુકસાનને સરભર કરવા માટે કિંમતી ધાતુઓ વેચી રહ્યા છે**

વ્યાજદરમાં વધારો હજુ પણ રડાર પર છે. તેલની ઊંચી કિંમતો ફુગાવાની ચિંતા વધારી રહી છે, અને યુએસ ડોલર મજબૂત થયો છે. આનાથી વ્યાજદરો લાંબા સમય સુધી ઊંચા રહી શકે છે તેવી અપેક્ષાઓ મજબૂત થઈ છે. બજારો 27-28 ઓક્ટોબર દરમિયાન નીતિ સ્થિર રહેવાની અપેક્ષા રાખે છે, પરંતુ ડિસેમ્બરમાં વ્યાજદર વધવાની શક્યતાઓ નોંધપાત્ર છે. આનાથી ચાંદીને કેમ નુકસાન થાય છે? વ્યાજદરમાં અપેક્ષિત વધારો તેને રોકી રાખવાની ઓપર્ચ્યુનિટી કોસ્ટ વધારે છે. ડોલર મજબૂત રહે છે અને ઔદ્યોગિક પ્રવૃત્તિ મધ્યમ રહી છે, જે દબાણમાં વધારો કરે છે. ધાતુઓ માટે આશાનું એક કિરણ બોન્ડ માર્કેટમાંથી આવે છે. યીલ્ડ (ઉપજ) ઘટી રહી છે. પરંતુ તેને ધ્યાનથી જુઓ, એવું એટલા માટે નથી કારણ કે ફુગાવો શાંત થઈ રહ્યો છે; તે ઇક્વિટી માર્કેટના મેલ્ટડાઉન (કડાકા)ને કારણે છે. રોકાણકારો AI-લિંક્ડ સ્ટોક્સ

**ઓફ-બીટ**

વેચીને સુરક્ષિત બોન્ડ્સમાં નાણાં રોકી રહ્યા છે. તે માંગ યીલ્ડને નીચે ધકેલી રહી છે. US 10-ઈયર ટ્રેઝરી નોટ પરની યીલ્ડ શુક્રવારે લગભગ 4.97% પર રહી હતી. અગાઉના સત્રમાં તે 10 બેસિસ પોઈન્ટથી વધુ ઘટીને એક મહિનાના નીચલા સ્તરે પહોંચી ગઈ હતી. આ ઘટાડો ટેકનોલોજી અને AI સ્ટોક્સમાં વેચવાલીને કારણે આવ્યો હતો, જેણે રોકાણકારોને સરકારી બોન્ડ્સ સહિતની સુરક્ષિત સંપત્તિઓ શોધવા મજબૂર કર્યા હતા.

### સોના કરતાં ચાંદી કેમ વધુ ઘટી છે?

બે કિંમતી ધાતુઓમાંથી, ચાંદીમાં વધુ તીવ્ર ઘટાડો થયો છે. આનું કારણ તેની બેવડી ભૂમિકા છે. ચાંદી એ રોકાણ સંપત્તિ અને ઔદ્યોગિક ધાતુ બંને છે. સોનું પણ આ જ નાણાકીય દબાણ અને સમાન વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યું છે, પરંતુ ચાંદી મેન્યુફેક્ચરિંગ માંગ પર પણ આધાર રાખે છે અને આ બેવડા એક્સપોઝરને કારણે તેનો ઘટાડો વધુ ઝડપી બન્યો છે.

### શું આયાત ડ્યુટી ભારતીય ચાંદીના ભાવને બચાવી શકે છે?

મે મહિનામાં આયાત ડ્યુટીમાં થયેલા વધારાએ સ્થાનિક ચાંદીના ભાવને થોડો ટેકો આપ્યો છે. તે આયાતને વધુ મોંઘી બનાવે છે, જે વૈશ્વિક ભાવ ઘટે ત્યારે ભારતીય ભાવને રક્ષણ આપે છે. પરંતુ આ રક્ષણની મર્યાદાઓ છે. સ્થાનિક ભાવ હજુ પણ આંતરરાષ્ટ્રીય ચાંદીના ભાવ અને ચલણના ઉતાર-ચઢાવ પર આધાર રાખે છે. ભારતમાં તેના સર્વોચ્ચ શિખરથી ચાંદીમાં થયેલો લગભગ 50%નો ઘટાડો દર્શાવે છે કે ઊંચી આયાત ડ્યુટી પણ મોટા ઘટાડાને રોકી શકતી નથી.

# યુદ્ધની આડઅસર, રશિયાએ સોનુ વેચવું પડ્યું

રશિયા અને યુક્રેન યુદ્ધ બાદ મીડલ ઈસ્ટના તણાવથી વૈશ્વિક અર્થવ્યવસ્થા ખોરંભાઇ જવા પામી છે. વિશ્વના દેશો વધતા જતા ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ખાસ કરીને જીયો પોલીટીકલ ટેન્શનથી વધતા જતા ક્રુડ ઓઈલના ભાવ વિશ્વભરને મુશ્કેલીમાં મુકી દીધા છે.

આ દરમ્યાન છેલ્લા ચાર વર્ષથી વધુ સમયથી યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. તેવા સંજોગોમાં બજેટ ખાધ અને સરંક્ષણ ખર્ચને પહોંચી વળવાનું મુશ્કેલ બની રહ્યું છે. નાણાકીય ખેંચને દુર કરવા માટે રશિયા પોતાના સોનાના ભંડારને વેચવા લાગ્યા છે. એક અંદાજે રશિયાને 6200 કિલોગ્રામ સોનાને વેચી દીધુ છે.

રશિયા તેના સોનાના ભંડારમાં સતત ઘટાડો કરી રહ્યું છે, જેનું કારણ સોનાના ભાવમાં ઘટાડો કે રૂબલ ચલણનું અચાનક બનળું પડવું નથી, પરંતુ સરકારી ખર્ચ માટે ભંડોળ એકત્ર કરવાની જરૂરિયાત છે. રશિયાની બજેટ ખાધ વધી રહી છે અને યુક્રેન યુદ્ધ નોંધપાત્ર સરંક્ષણ અને સુરક્ષા ખર્ચ તરફ દોરી રહ્યું છે. એટલું જ નહીં, હજુય યુક્રેન સાથે યુદ્ધ વિરામ કે સમાપ્ત થવાની શક્યતા દેખાઇ રહી નથી, પરિણામે રશિયાને તેની બજેટની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેના અનામત ભંડોળમાં રાખેલા સોનાને વેચી રહી છે. એક માહિતી અનુસાર સપ્ટેમ્બર 2206માં રશિયાએ 6200 કિલોગ્રામ સોનુ વેચ્યું છે. ડિસેમ્બર 2025 અને સપ્ટેમ્બર 2026ની વચ્ચે કુલ 62 ટન સોનુ વેચાયું છે. આ સતત 10મો મહિનો છે, જેમાં રશિયા સોનાના ભંડારમાં સતત ઘટાડો કરી રહ્યું છે.

રશિયા દ્વારા દર મહિને સોનામાં વેચવાલી જોવા મળી રહી છે અને 10 મહિનામાં 62 ટન સોનાની વેચવાલી કરી હોવાના પ્રાથમિક અંદાજ છે, તેને જોતાં આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાના ભાવ ઘટી રહ્યા છે.

રશિયાને સોનુ વેચવાના મુખ્ય કારણ જોઈએ તો વધતી જતી સરકારી બજેટ ખાધ છે. ઉપલબ્ધ માહિતી અનુસાર 2026માં રશિયાની બજેટ ખાધ વધીને 7.3 ટ્રિલિયન રૂબલ્સ થવાનો અંદાજ છે, જે પ્રારંભિક અંદાજ કરતા બમણો છે. જેમાં 38 ટકા સંરક્ષણ અને સુરક્ષા પર ખર્ચ થશે. 2021ની સરખામણીએ ચાર ગણો ખર્ચ વધ્યો છે.

**ભારતે રૂપિયાના અવમુલ્યનને નિયંત્રણમાં લાવવા સોનાની ખરીદી અટકાવી, જ્યારે ચીન સોનાનો ભંડાર ભેગો કરે છે**

આ પરિસ્થિતિમાં સોનુ રશિયા માટે મહત્વપુર્ણ સંપત્તિ બની ગયું છે. કેમ કે 2022માં યુક્રેન પરના આક્રમણ બાદ પશ્ચિમી દેશોએ રશિયાની ડોલર અને યુરોની સંપત્તિને રોકી દીધી છે, જેનાથી રશિયા માટે તેના કેટલાક




વિદેશી ચલણનું એકસેસ કરવું મુશ્કેલ બન્યું છે, જેના લીધે રશિયા પાસે બીજો કોઇ વિકલ્પ દેખાતો નથી, જે જરૂરિયાત સમયે વેચી શકાય.

જેથી રશિયા વધતી જતી બજેટ ખાધને કારણે, આ સોનાના ભંડારનો ઉપયોગ કરી રહ્યો છે.

એક અહેવાલ અનુસાર રશિયાના રાષ્ટ્રીય સંપત્તિ ભંડોળમાં રાખવામાં આવેલા સોનાનો ભંડાર મે 2022માં આશરે 555 ટન હતો, તે 2025ના અંત સુધીમાં ઘટીને 160 ટન થઇ ગયો છે. બીજી તરફ, ભારતની વાત કરીએ તો ક્રુડ ઓઈલના ઉકળતા ભાવોથી ભારત સરકાર ચિંતિત છે, ખાસ કરીને આયાત બિલ ભારતને

**ગ્લોબલ બઝ**

સતાવી રહ્યું છે. જેથી ક્રુડ ઓઈલ એક જરૂરિયાત છે, તેથી તેની આયાતને રોકવી અશક્ય બની છે, પણ આ સિવાય સોનાની આયાત તથા વિદેશી હૂંડીયામણના ઉપયોગમાં ઘટાડો કરવા માટે વિદેશી યાત્રા નહીં કરવાની પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અપીલ કરી દીધી છે. ખાસ કરીને સોનાની ખરીદીને બ્રેક મારવા જણાવ્યું છે. જેથી આયાત બિલ પર નિયંત્રણ મુકી શકાય અને રૂપિયાનું અવમુલ્યન થતું અટકાવી શકાય.

ભારત હાલમાં નોંધપાત્ર રીતે ઓછું સોનુ ખરીદી રહ્યું છે. માહિતી અનુસાર સપ્ટેમ્બર 2026માં ભારતની સોનાની આયાત વાર્ષિક ધોરણે 81.27 ટકા ઘટીને 1.8 બિલિયન ડોલર થઇ ગઇ છે, જે સપ્ટેમ્બર 2025માં ડોલર 9.6 બિલિયન ડોલર હતી. જેમાં આયાત જકાતમાં વધારો કરાયો છે, જે 15 ટકા કરી દેવાતા આયાત ઘટી છે. સરકાર આયાત ઘટાડવા પર ભાર મુકે છે તેનું મુખ્ય કારણ રૂપિયાનું મુલ્ય સતત ઘટતું જોવા મળી રહ્યું છે, તેને રોકવાનો ઈરાદો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે સોનાનો ભંડાર 880.52 ટન પર સ્થિર હોવાનું જાણવા મળે છે.

ભારતથી વિપરીત ચીન સોનામાં સતત ખરીદી કરી રહ્યું છે. સપ્ટેમ્બર 2026માં ચીનની સેન્ટ્રલ બેન્ક, પીપલ્સ બેન્ક ઓફ ચાઈનાએ આશરે 23 ટન સોનું ખરીદ્યું. આનાથી ચીનનો સત્તાવાર સોનાનો ભંડાર આશરે 2410 ટન થઇ ગયો છે. ચીન લગભગ બે વર્ષથી સતત સોનુ ખરીદી રહ્યું છે. વધુમાં ચીને 2026ના પ્રથમ આઠ મહિનામાં સોનાની આયાત પર રેકોર્ડ 158.8 બિલિયન ડોલર ખર્ચ કર્યો છે, જેમાં 1000 ટનથી વધુ સોનાની આયાત કરવામાં આવી છે. ચીનની સતત ખરીદી વૈશ્વિક બજારમાં સોનાની માગને ટેકો આપી શકે છે.

# મિડકેપ-સ્મોલકેપ શેરોમાં વેચવાલી : કેટલીક ભૂલો તમારા નુકસાનને વકરાવી શકે

મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં આવેલા તીવ્ર ઘટાડાએ રોકાણકારો માટે તાજેતરના બજારના કરેક્શનને વધુ પીડાજનક બનાવ્યું છે. છેલ્લા એક મહિનામાં નિફ્ટી મિડકેપ 150 માં 10.13% નો ઘટાડો થયો છે, જ્યારે નિફ્ટી સ્મોલકેપ 250 માં 10.60% નો ઘટાડો થયો છે. આ ઘટાડો નિફ્ટી 50ના 4.5% ના ઘટાડા કરતાં વધુ તીવ્ર રહ્યો છે.

આ કરેક્શનની અસર મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારો પર પણ પડી છે. મિડકેપ ફંડ કેટેગરીએ છેલ્લા એક મહિનામાં સરેરાશ

**કરન્ટ-ટોપિક**

7.86% ગુમાવ્યા છે, જ્યારે સ્મોલકેપ ફંડ કેટેગરીમાં 7.59% નો ઘટાડો થયો છે. લાર્જકેપ ફંડ્સે પ્રમાણમાં ઓછો એટલે કે 3.71% નો ઘટાડો અનુભવ્યો છે. આ કરેક્શન કમાણી અંગેની ચિંતાઓ, વિદેશી રોકાણકારો દ્વારા વેચાણ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવો વચ્ચે આવ્યું છે. આનંદ રાઠીના તન્વી કંચને માર્કેટના વિશ્લેષણમાં જણાવ્યું હતું કે, "FPIs (વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો) એ 2026 માં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. 3.1 લાખ કરોડથી વધુ પાછા ખેંચી લીધા છે, જે ગયા વર્ષના આખા વર્ષના આઉટફ્લો (બહાર ગયેલા ભંડોળ) કરતા લગભગ બમણા છે, અને તેમની માલિકી 17 વર્ષની નીચી સપાટીએ છે."




મિડકેપ અને સ્મોલકેપ શેરો કે ફંડો ધરાવતા રોકાણકારો માટે, ઉતાવળમાં રોકાણનો નિર્ણય લીધા વિના નુકસાનનું મૂલ્યાંકન કરવું એ એક પડકાર છે. તીવ્ર ઘટાડાનો અર્થ એ નથી કે કોઈ રોકાણ તરત વેચી જ દેવું જોઈએ. સાથે જ માત્ર મૂળ રોકાણ પાછું મેળવવા માટે તેને જાળવી રાખવું પણ યોગ્ય અભિગમ ન હોઈ શકે. રોકાણકારોએ કોઈ નિર્ણય લેતા પહેલાં સૌથી પહેલાં એ સમજવું જોઈએ કે તેમના રોકાણો શા માટે ઘટી રહ્યા છે. વ્યાપક બજારના કરેક્શનનો અર્થ એ નથી કે કોઈ શેર કે મ્યુચ્યુઅલ ફંડ ખરાબ રોકાણ બની ગયું છે. વ્યક્તિગત શેરો ધરાવતા લોકોએ કંપનીની કમાણી, વ્યવસાયિક આઉટલુક અને વેલ્યુએશનની સમીક્ષા કરવી જોઈએ. તેમણે એ પણ તપાસવું જોઈએ કે તેમના શેર ખરીદવાના કારણો હજુ પણ યથાવત છે કે નહીં. મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારોએ તેના બેન્ચમાર્ક અને પીઅર્સ સામે ફંડના દેખાવ, તેની રોકાણની રણનીતિ અને પોર્ટફોલિયોની ગુણવત્તા તપાસવી જોઈએ. વ્યાપક બજાર સાથે ઘટેલા ફંડનું મૂલ્યાંકન સતત ખરાબ પ્રદર્શન કરતા ફંડ કરતા અલગ રીતે કરવું પડે છે.

રોકાણકારોએ માત્ર એટલા માટે કોઈ રોકાણ જાળવી રાખવાનું ટાળવું જોઈએ કે તેઓ તેમની મૂળ રકમ પાછી મેળવવા માગે છે. લાંબી રોકાણ ક્ષિતિજનો અર્થ એ નથી કે દરેક શેર કે ફંડ અનિશ્ચિત સમય માટે રાખવું જોઈએ. બીજી વાત કે માત્ર બજારનું કરેક્શન એ SIP બંધ કરવાનું કારણ નથી. લાંબા ગાળાની રોકાણ ક્ષિતિજ અને યોગ્ય ફંડ ધરાવતા રોકાણકારો, જો તેઓ અસ્થિરતા સંભાળી શકતા હોય, તો તેમનું રોકાણ ચાલુ રાખી શકે છે. જો કે, જેમને આગામી કેટલાક વર્ષોમાં નાણાંની જરૂર છે તેમણે તેમના એક્સપોઝરની સમીક્ષા કરવી જોઈએ. મિડકેપ અને સ્મોલકેપ રોકાણો અસ્થિર હોઈ શકે છે, અને રોકાણકારો પાસે તેમની નાણાકીય જરૂરિયાત પહેલાં તીવ્ર ઘટાડામાંથી બહાર આવવા માટે પૂરતો સમય ન પણ હોય. રોકાણકારોએ એ પણ તપાસવું જોઈએ કે શું આ રોકાણો તેમના સમગ્ર પોર્ટફોલિયોનો ખૂબ મોટો ભાગ બની ગયા છે. જેઓએ તેઓ સંભાળી શકે તેના કરતાં વધુ જોખમ લીધું છે તેમને તેમના એલોકેશનની સમીક્ષા કરવાની જરૂર પડી શકે છે.

**રોકાણકારોએ કોઈ નિર્ણય લેતા પહેલાં સૌથી પહેલાં એ સમજવું જોઈએ કે તેમના રોકાણો શા માટે ઘટી રહ્યા છે. વ્યાપક બજારના કરેક્શનનો અર્થ એ નથી કે કોઈ શેર કે મ્યુચ્યુઅલ ફંડ ખરાબ રોકાણ બની ગયું છે**

### રોકાણકારોએ ક્યારે વેચવાનો વિચાર કરવો જોઈએ?

જો કંપનીનો વ્યવસાયિક દ્રષ્ટિકોણ નબળો પડ્યો હોય, તેની કમાણી સતત નિરાશાજનક રહેતી હોય અથવા રોકાણ કરવા પાછળના મૂળ કારણો હવે લાગુ ન પડતા હોય, તો વેચાણ વિશે વિચારી શકાય છે. મ્યુચ્યુઅલ ફંડ્સ માટે, બેન્ચમાર્ક સામે સતત નબળો દેખાવ, રોકાણની રણનીતિમાં ફેરફાર અથવા રોકાણકારના નાણાકીય લક્ષ્યો સાથે અસંગતતા સમીક્ષાને યોગ્ય ઠેરવી શકે છે. ફંડ્સ બદલતા પહેલા રોકાણકારોએ ટેક્સની અસર અને એક્ઝિટ લોડ વિશે પણ વિચારવું જોઈએ. જીઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજીસ્ટ ડૉ. વી. કે. વિજયકુમારે જણાવ્યું હતું કે યોગ્ય મૂલ્ય ધરાવતા લાર્જકેપ શેરો "ધીરજવાન રોકાણકારો માટે મૂલ્યવાન ખરીદીની તકો રજૂ કરી શકે છે." જો કે, નાના શેરો વધુ તીવ્રતાથી ઘટ્યા છે માત્ર એટલા માટે રોકાણકારોએ તેમનો આખો પોર્ટફોલિયો લાર્જકેપમાં ખસેડવો જોઈએ નહીં. આ નિર્ણય તેમના નાણાકીય લક્ષ્યો, જોખમ લેવાની ક્ષમતા અને એકંદરે પોર્ટફોલિયો એલોકેશન પર આધારિત હોવો જોઈએ. રોકાણકારો સૌથી મોટી ભૂલ એ કરી શકે છે કે તેઓ શા માટે રોકાણ કર્યું હતું તે સમજ્યા વિના ગભરાઈને બધું જ વેચી દે છે. બજારનું કરેક્શન એ પોર્ટફોલિયોની સમીક્ષા કરવાનું કારણ છે, ઉતાવળમાં નિર્ણય લેવાનું નહીં.